

મોડાસા શહેરમાં ડિસેમ્બર મહિનામાં યોજાનાર વિધાનસભાની ચૂંટણી ટાણે કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે ધ્યાનમાં રાખી મોડાસા શહેરમાં આવેલી સી.આર.પી.એફ.ની ટીમે ફલેગ માર્ચ કરતા જનતામાં રાહતની લાગણી પ્રસરી હતી. મોડાસા શહેર સંવેદનશીલ હોવાથી ચૂંટણી સમયે કોઈ અનિચ્છનીય બનાવ નહિ બને તેવી આશા રાખી રહ્યા છે.

# મેઘરજ તાલુકામાંથી રામગઢી ગામે બે બોગસ તબીબ ઝડપાયા

મેઘરજ, તા. ૯

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકોએ રાજસ્થાન સરહદે આવેલો છે એ વિસ્તારમાં ગેર કાયદે ડિગ્રી ધરાવતા કે ડિગ્રી વગર દવાખાના ખોલી સારવાર કરતા બોગસ તબીબનો જમાવડો આ વિસ્તારની રામગઢીમાં ડૉ. રાકેશ નિનામા અને ડો. જયેશ ગોર નામના બે તબીબો ડિગ્રી ના કોઈ સર્ટિફિકેટ વગર પ્રેક્ટિસ કરતા હોવાનું માલુમ પડતા મેઘરજ ટીએચઓએ બંને બોગસ તબીબ વિરુદ્ધ કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવતા સમગ્ર પંથકમાં



આસપાસ જોવા મળે છે. છેલ્લા ઘણા સમયથી આવા ડોક્ટર સામે લોકોની ફરિયાદ ઉઠતા તંત્રએ ગંભીરતા દાખવી કાર્યવાહી હાથ ધરી. મેઘરજના રામગઢી ગામે તાલુકા હેલ્થ ઓફિસરની ટીમે રેડ કરતા ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતા ૨ તબીબ ઝડપી પાડ્યા હતા. જેમાં બોગસ પ્રેક્ટિસ કરતા તબીબો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. સમગ્ર મામલાની તાપસ મેઘરજ પોલીસ કરી રહી છે ત્યારે આવનાર દિવસોમાં આવા તબીબો ફરી કાર્યરત ન થાય અને માનવ આરોગ્ય સાથે ચેડા ન કરે તેવું પ્રજા ઈચ્છી રહ્યા છે.



## અરવલ્લી જિલ્લામાં આજે સતત ત્રીજા દિવસે પણ સંપર્ક અભિયાન

ગુજરાત ગૌરવ સંપર્ક અભિયાન અંતર્ગત કાર્યકર્તાઓ ઉમંગભેર ગામેગામ અને ઘરેઘર સંપર્ક કરી રહ્યા છે. આજે પ્રદેશ મંત્રી અને જિલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી પણ કાર્યકતાઓ સાથે માથે ટોપી,ગળામાં ખેસસને હાથમાં પ્રેમ્પ્લેટ સાથે સંપર્ક અભિયાનમાં જોડાયા હતા.

# અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે ગઢડા ગામ નજીકથી જીપ ગાડીમાંથી ૫૨ હજારનો વિદેશીદારૂ ઝડપ્યો



અરવલ્લી, તા. ૯

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે બાતમીના આધારે બુધવારે સાંજના સુમારે રાજેન્દ્રનગર ચોકડી નજીક આવેલા ગઢડા ગામની સીમમાંથી મહિન્દ્રા કમાન્ડર જીપમાં સંતાડેલો ૫૨૬૦૦ રૂ.નો વિદેશી દારૂ ઝડપી પાડી જીપચાલકને દબોચી લઈ અન્ય ગુન્હામાં સંડોવાયેલ શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી જિલ્લા એલસીબી પીઆઈ વણજારા અને હે. કો. વીરભદ્રસિંહ સહીતની ટીમને બાતમી મળતા મોડાસા-હિંમતનગર રોડ પર આવેલા ગઢડા ગામની સીમમાં નાકાબંધી કરી વાહનો આડા કરી બાતમી મુજબની મહિન્દ્રા કમાન્ડર જીપ પસાર થતા અટકાવી તલાસી લેતા જીપગાડી (ગાડી.નં-જી.જે.૮.આર.૭૮૪૭) માંથી સ્પીકરોની જગ્યાએ અને બોનેટમાં સંતાડેલો ગેરકાયદેસર વગરપાસ પરમિટનો વિદેશીદારૂની બોટલો/ક્વાટરીયા નંગ-૫૨૬૦૦ રૂ. નો જથ્થો ઝડપી, જીપની કિંમત રૂપીયા ૨૦૦૦૦૦ અને મોબાઈલ નંગ-૧ કી. રૂ. ૫૦૦ મળી કુલ રૂ.૨૫૩૧૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી જીપચાલક દિલીપભાઈ રાકેશભાઈ નાનેમા (રહે. ચંદ્રાવસ, બિછીવાડા, રાજ.)ને જેલના સળિયા પાછળ ધકેલી દઈ અન્ય કલ્પેશ નામના શખ્સ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. રાજસ્થાનમાંથી ભરેલ વિદેશી દારૂ મહેસાણા જિલ્લાના વિજાપુર પહોંચે તે પહેલા જપ્ત થયો હતો.

# મોડાસામાં ૫ વર્ષીય બાળકી પર દુષ્કર્મ આચરનાર આરોપી શોધવામાં મોડાસા પોલીસ નિષ્ફળ

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના કોલેજરોડ પર રહી ભીખ માંગી અને છૂટક મજૂરી કરી ફૂટપાથ પર પથારો કરી જીવનનિર્વાહ ચલાવતા પરિવારની ૫ વર્ષીય દીકરીને ૧૪ દિવસ અગાઉ કોઈ અજાણ્યો નરાધમ નવા કપડાં અપાવવાની લાલચ આપી ઉઠાવી જઈ શાહી કોટ વિસ્તારમાં આવેલ કરમિયા સ્કૂલ નજીક ઝાડી-ઝાંખરામાં લઈ જઈ પીંખી નાખી હવસ સંતોષી બાળકીને રોડ પર મૂકી ફરાર થઈ જતા રડતી બાળકી જોઈ આજુબાજુમાંથી દોડી આવેલા લોકોએ બાળકીને મોડાસા ટાઉન પોલીસને સોંપી હતી. પોલીસે બાળકીના પરિવારજનોને સોંપી હતી. સતત બાળકી રડતા અને ગુપ્તભાગે દુખાવો થતો હોવાનું માતાને જણાવતા પરિવારજનો પોલીસે સ્ટેશને પહોંચી બાળકી સાથે અઘટિત ઘટના બની હોવાનું જણાતા મોડાસા ટાઉન પોલીસે ૫ વર્ષીય બાળકીને હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે તબીબી પરીક્ષણ માટે મોકલતા બાળકી પર દુષ્કર્મ આચરવામાં આવ્યુ હોવાનો રિપોર્ટ આવતા મોડાસા ટાઉન પોલીસે ૨ દિવસ પછી અજાણ્યા કાળા કલરની ટીશર્ટ પહેલા શખ્સ સામે ગુન્હો નોંધી નરાધમ શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. પણ આજ દિન સુધી પોલીસ આરોપી શોધવામાં ફોફ મારતી હોય તેમ ૧૪ દિવસ બાદ પણ આરોપી પકડથી દૂર રહેતા મોડાસા શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપી ઝડપી કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

મોડાસા શહેરના કોલેજ રોડ પર આવેલ ગરીબ અને ભીખ માંગી જીવન નિર્વાહ ચલાવતા પરિવારની ૫ વર્ષીય બાળકી પર અજાણ્યા હેવાને લલચાવી ફોસલાવી માઝુમ નદીના કિનારે આવેલ ઝાડી-ઝાંખરામાં લઈ જઈ દુષ્કર્મ આચરતા શહેરમાં ખળભળાટ મચી ગયો હતો. અગમ્ય કારણોસર આ ગરીબ પરિવારના સહારે લઘુમતી સંસ્થાઓ કે સેવાકીય સંસ્થાઓ મદદે ન આવતા લોકોમાં ભારે રોષ ફેલાયો હતો પરંતુ મોડે મોડે લઘુમતી સમાજની સંસ્થાઓ જાગી હોય તેમ બુધવારે સાંજના સુમારે મોડાસા ખાતે જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપી ઝડપથી કાર્યવાહી કરી નરાધમ બળાત્કારીને ઝડપી પડી જેલના સળિયા પાછળ ધકેલી દેવા ઉગ્ર માંગ કરી હતી અને આરોપી ઝડપાય તો નગરમાં ફેલાયેલો ભય ઓછો થાય અને નગરની બાળકીનો અને યુવતીઓ સલામતી જળવાઈ રહે અને તેમના માતા પિતા પણ ચિંતા મુક્ત બને તેવી માંગ કરી હતી.

# સાર્વજનિક મહેસાણા એમ.એસ.ડબલ્યુ કોલેજ ખાતે સર્તકતા જાગૃતિ સપ્તાહ કાર્યક્રમ યોજાયો

મહેસાણા, તા. ૯

સાર્વજનિક મહેસાણા એમ.એસ.ડબલ્યુ કોલેજ ખાતે ક્રાતિબહેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સર્તકતા જાગૃતિ સપ્તાહના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર પોસ્ટર સ્પર્ધાનું પણ આયોજન કરાયું હતું. જેમાં વિવિધ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં વિધાર્થીઓએ પોતાના વિચારો અને મંતવ્યો રજુ કર્યા હતા.

જાહેર જીવનમાંથી ભ્રષ્ટાચાર દુર કરવા જાગૃતિ જરૂરી છે. દેનાબેન્કના ઝોનલ ઓફિસ મહેસાણાના સંયુક્ત ઉપક્રમે વિજીલન્સ એવરનેસ ૨૦૧૭ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ તજજ્ઞોએ જણાવ્યું હતું કે ભ્રષ્ટાચાર દુર કરવા બાબતે મંતવ્યો રજુ કરી વિધાર્થીઓના પ્રતિભાવ જાણ્યો હતો.

કાર્યક્રમમાં માનદમંત્રી દિલીપભાઈ ચૌધરી સહિત બેન્કના અધિકારીઓ અને વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## વિરમગામના કરકથલ ગામે ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા સ્નેહ મિલન સમારોહ

સમગ્ર ગુજરાત માં છેલ્લા ૭ વર્ષથી ઓબીસી એસ.સી., એસ.ટી એકતા મંચને સાથે રાખીને સમાજમાં શિક્ષણ વધે વ્યસનમુક્તિ, દારૂબંધી, રોજગાર, સહિતના મુદ્દાઓને લઈને સમાજના ઉત્થાન માટે સેના જહેમત ઉઠાવી રહી છે. ત્યાંરે વિરમગામ તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા કરકથલ ગામે સેનાના આગેવાનો કાર્યકરો અને હોદ્દેદારો ઉપસ્થિતિમા એક મોટું સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રદેશ ઉપપ્રમુખ રમેશજી ઠાકોર, જિલ્લા પ્રમુખ કેવલજી ઠાકોર, વીરમગામ શહેર ક્ષત્રિય ઠાકોર સેના પ્રમુખ રમેશ ઠાકોર, તાલુકા પ્રમુખ દિનેશજી ઠાકોર, ઉપપ્રમુખ રઘુજી ઠાકોર, મહામંત્રી હિતેશ ઠાકોર સહિત મોટી સંખ્યામાં સમાજ કાર્યક્રો હોદ્દેદારો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મોટા ભાગના મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે બહાર નિકળ્યા હતા. કેટલીક જગ્યાએ તો મતદારો મતદાન શરૂ થાય તે પહેલા જ પહોંચી ગયા હતા. સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. મતદારો પહેલાથી જ મતાધિકારનો ઉપયોગ કરવા માટે સજ્જ હતા. રાજ્યના તમામ ૬૮ વિધાનસભા ક્ષેત્રોમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા રહી છે. આજે સવારે મતદાનની શરૂઆત થયા બાદ જ ૬૨ ધારાસભ્યો સહિત કુલ ૩૩૭ ઉમેદવારો ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. મુખ્યમંત્રી વીરભદ્રસિંહ, ૧૦ પ્રધાનો, આઠ મુખ્ય સંસદીય સચિવો, વિધાનસભાના નાયબ અધ્યક્ષ જગતસિંહ મોદી, પૂર્વ મુખ્યમંત્રી પ્રેમકુમાર ધુમાલ અને એક ડઝનથી વધારે પૂર્વ મંત્રી સહિતના નેતાઓના ભાવિ આજે ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. મુખ્યમંત્રીના નેતૃત્વમાં સત્તારુઢ કોંગ્રેસ અને પૂર્વ મુખ્યમંત્રી ધુમાલના નેતૃત્વમાં ભાજપે આ વખતે તમામ ૬૮ બેઠકો પર પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. બસપના ૪૨ સીટ પર, માર્ક્સવાદી પાર્ટીના ૧૪ સીટ પર, સ્વાભિમાન પાર્ટી અને લોકગઠબંધન પાર્ટીના ૬-૬ સીટો ઉપર તથા અન્ય એક પાર્ટીના ત્રણ સીટો ઉપર ઉમેદવારો છે. આ તમામના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. મંગળવારના દિવસે ઝંઝાવાતી ચૂંટણી પ્રચારનો અંત આવી ગયો હતો. અભિયાનમાં ભાજપ અને કોંગ્રેસના સ્ટાર પ્રચારકો મેદાનમાં ઉતર્યા હતા. મુખ્યમંત્રી અને પૂર્વ મુખ્યમંત્રી બંને પોતાની સીટો બદલી ચુક્યા છે અને અર્કી તથા સુઝાનપુરથી ચૂંટણી મેદાનમાં છે.

# ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ દ્વારા મુંબઈમાં ટેલેન્ટ શૉ યોજાયો

ભીલોડા, તા. ૯

ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ




સમાજ દ્વારા મુંબઈમાં ટેલેન્ટ શૉ તથા જ્ઞાતિના સમાજ રત્નોનું સન્માન કરવામાં આવ્યું હતું.

ફાલ્ગુની પાઠક ફેમ વર્સેટાઈલ સીંગર પર્ફોમર તુષાર ત્રિવેદી, રાજેશ ત્રિવેદીના માર્ગદર્શન દ્વારા નવા નવા કાર્યક્રમો યોજવામાં આવે છે.

૪ વર્ષની બાળકીથી ૭૫ વર્ષના દાદીમા અબાલવૃદ્ધ એવા ૫૬ સ્પર્ધકોએ પોતાની કળા દર્શાવીને પ્રેક્ષકોમાં મન મોહી લીધા હતા.

તુષાર ત્રિવેદી અને તેમની



પુત્રી જેત્મીએ પોતાના કંઠથી દિલ મોહી લીધા હતા. આ પ્રસંગે લીવરનું દાન કરનાર બામણાવાળા સરલાબેન નર્મદા શંકર પંડ્યા, વેપારક્ષેત્રે રાહુલ હરવદન ઉપાધ્યાયનું સમાજ રત્નથી સન્માન કરવામાં આવેલ હતુ.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે બીજલ નરેશ ટેલર, ઈન્કાગોરાર વ્યાસ સેવાઓ આપી હતી.

રિદ્ધિ પંડ્યા (ટીંટોડા) દર્શીની ઉપાધ્યાય (ટીંટોડા) ઈશિતા જોષી (ભિલોડા) કવી આશીષ જોષીએ સંચાલન કર્યુ હતું.

# અપોલો હોસ્પિટલ, અમદાવાદે સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામમાં ૧૦ વર્ષ પૂર્ણ કર્યા

ભારતની પ્રીમિયર હેલ્થકેર સર્વિસ પ્રોવાઈડર અપોલો હોસ્પિટલ્સ સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામમાં પથપ્રદર્શક છે. અપોલો હોસ્પિટલ્સ, અમદાવાદ સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામની ૧૦મી વર્ષગાંઠ ઉજવી રહી છે. જુલાઈ, ૨૦૧૭ સુધી છેલ્લાં ૧૦ વર્ષમાં હોસ્પિટલે ૧૭૧ ટ્રાન્સપ્લાન્ટ હાથ ધર્યા છે. આ ૧૭૧માંથી ૧૧૭ ઓટોલોગસ (સ્ટેમ સેલને દર્દીનાં પોતાનાં શરીરમાંથી ફ્રેશ સ્ટેમ સેલ સાથે બદલવામાં આવ્યાં છે) અને ૫૪ એલોજેનીક (સ્ટેમ સેલને દાતાનાં સ્ટેમ સેલ સાથે બદલવામાં આવ્યાં છે) ટ્રાન્સપ્લાન્ટ છે. વિભાગે અત્યાર સુધી ૧૨૨ ભારતીય દર્દીઓ અને ૪૯ આંતરરાષ્ટ્રીય દર્દીઓની સારવાર કરી છે.

સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ વિભાગે જુલાઈ, ૨૦૦૭માં ઈન-પેશન્ટ વોર્ડ તરીકે કામગીરી શરૂ કરી હતી. અત્યારે વોર્ડ આઈસીયુ ફેસિલિટી, એચઈપીએ-ફિલ્ટર અને પોઝિટિવ પ્રેશર વેન્ટિલેશન સાથે ૬ બેડનાં સિંગલ રૂમ બન્યો છે. વિભાગ નર્સ પેશન્ટનો ૧:૧ રેશિયો ધરાવે છે.

## દંઢ ફટકાર્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેબીએમે, ૨૦૧૬માંઆ ૨૨ એકમોનેપીએફયૂટીપીના નિયમ અંતર્ગત ઉલ્લંઘન કરવાના આરોપામાં કારણદર્શક નોટીસ ફટકારી હતી. આ યાદીમાં રૂપાણીના હિન્દૂ અવિભાજિત પરિવારનો ૧૮મો નંબર હતો. આ સંબંધમાં રૂપાણી તથા અન્યની ઓફીસે ફોન કરવામાં આવ્યો પરંતુ કોઈ જવાબ મળ્યો ન હતો. બિઝનેસ સ્ટાન્ડર્ડે આ મામલે તપાસ કરી તે તેને જાણવા મળ્યું કે, રૂપાણીના એચયૂએફનો પાન નંબર ચૂંટણી પંચની વેબસાઈટ પર તેના સોગનંદનામામાં આપવામાં આવેલ પાન નંબર સાથે મેચ કરતો હતો. જે એકમોને નોટિસ ફટકરાવાવમાં આવી છે, તેણે રોકાણકારોને આકર્ષિત કરવા માટે એક બીજા સાથે મોટા પાયે શેરનો કારોબાર શરૂ કર્યો. જ્યારે અન્ય રોકાણકારોએ આ કારોબારથી આકર્ષિત થઈને રોકાણ કરવાનું શરૂ કર્યું ત્યારે કેટલાક એકમોએ ઉંચી કિંમત પર શેર વેચાવનું શરૂ કર્યુ. આ પ્રકારનો કારોબાર સ્પષ્ટ રીતે છેતરપિંડી દર્શાવે છે.

## પ્રથમ યાદી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રભારી અશોક ગેહલોત સહિતના નેતાઓ સાથે ઉમેદવારોની પસંદગી અને પાટીદારોની ઓબીસીમાં માંગણી સહિતના મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરશે. ગઈકાલે પાસના નેતાઓ સાથે કોંગ્રેસની યોજાયેલી બેઠક અને પાસના નેતાઓને સૂચવાયેલા ત્રણ વિકલ્પોને લઈ આગળની રણનીતિ મુદ્દે પણ ચર્ચા થશે. આ સિવાય વિધાનસભા ચૂંટણીને લઈ પ્રચાર-પ્રસાર અને મતદારોને આકર્ષવાની રીતરસમો સહિતના વિષયોને લઈ ચર્ચા હાથ ધરાશે. આવતીકાલે સ્ક્રીનીંગ કમીટીની બેઠક મળનારી છે, જેમાં ચેરમેન બાલાસાહેબ થોરાટ સહિતના પદાધિકારીઓ ગુજરાત કોંગ્રેસના સ્થાનિક નેતાઓ સાથે વિધાનસભાની ચૂંટણી અને બેઠકોને લઈ ઉમેદવારોની પસંદગી, સ્થાનિક જાતિવાદના સમીકરણો અને ઉમેદવારોની જીતમાં કયુ ફેકટર મહત્વનો ભાગ ભજવશે તે સહિતના મુદ્દે જાણકારી મેળવશે અને ત્યારબાદ પસંદગીના નામ પર અંતિમ નિર્ણય જાહેર કરશે. જો કે, કોંગ્રેસના ૧૦૦થી વધુ ઉમેદવારોના નામો ફાઈનલ થઈ ગયા છે અને તે સિવાયના અન્ય નામો પર પણ મોટાભાગે સંમતિ બની ગઈ છે અને તેથી હવે કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદી ટૂંક સમયમાં જ જાહેર થાય તેવી પણ સંભાવનાઓ પ્રવર્તી રહી છે.

## હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકાર કે પેલી સરકારનો નથી..! માનવજાત સામે ઉભો થયેલ આ પડકાર છે..!! પર્યાવરણની અસમતુલાથી સર્જાતા પ્રદૂષણના પડકારને પહોંચવા સહિયારો પુરૂષાર્થ જરૂરી છે..!!''

''હા... સાચી વાત છે..! આજે જ નક્કી કરીએ... જરૂર કરતાં વધુ વાહન હું નહિ વાપરૂ..! ભેળસેળવાળુ પેટ્રોલ નહિ પુરાવું... નિયમિત વાહન સર્વિસ કરાવીશ... અને પર્યાવરણના સમતોલન માટે પ્રતિવર્ષ પાંચ વૃક્ષ ઉછેરીશ... અને તમે પણ..!!''

- નિમિત્ત માત્ર

## ટીમ કાર્યરત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવ્યું છે.

તેમણે કહ્યું કે વી.બી.ટી. ટીમો અને વી.એસ.ટી. ટીમોએ તેમની કામગીરી હાથ ધરી દીધી છે. કલેકટર પટેલે વધુમાં જણાવ્યું હતું કે આચાર સંહિતાના અમલમાં કોઈ પણ પ્રકારની ચૂક ચલાવી લેવાશે નહિ.

જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે હજુ સુધી કોઈ ફરિયાદ આચારસંહિતા ભંગની મળી નથી. જો કે સુઓમોટો કરી હોર્ડિંગ્સ બેનર અને મિલ્કતો પરના લખાણો ૨૫૬૫ જેટલા દૂર કરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે ઈલેકટ્રોનિક અને પ્રિન્ટ મિડીયામાં આવતા સમાચારો પર પણ જનર રાખવા માટે જિલ્લામાં મિડીયા સર્ટીફિકેશન એન્ડ મોનીટરીંગ કમિટીની રચના કરવામાં આવી છે.

જિલ્લામાં બંને પક્ષો દ્વારા ચાલી રહેલ જનસંપર્ક અભિયાનને લઈ વિડીયો સર્વેલન્સ ટીમ નજર રાખી રહી હોવાનો દાવો અધિક નિવાસી કલેકટર જાડેજાએ કર્યો હતો.

## અનામત સિવાય

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને રોજગાર સહિતના પ્રશ્નોને ખાસ પ્રાધાન્યતા આપવામાં આવશે. આગામી પાંચ દિવસ સુધીના ચૂંટણી પ્રવાસમાં લોકોને સાંભળીને તેમને સાંભળીને તે મુજબ ચૂંટણી ઢંઢેરામાં સમાવેશ કરવામાં આવશે. તેમણે ઉમેર્યુ કે, સીસ્ટમના પિરામીડમાં સૌથી ટોચ પર બેઠેલાને ભલે તમે ધ્યાનમાં લો પરંતુ નીચેના સ્તરમાં રહેલા વર્ગને પણ મહત્વ આપવું તેનાથી વધુ જરૂરી છે, તેને તમે નજરઅંદાજ કરી શકો નહી. દેશના જાણીતા ટેકનોક્રેટ સામ પિત્રોડાએ એ પણ સ્પષ્ટ કર્યુ હતું કે, અનામત એવો વિષય છે કે, જે બધા માંગે છે પરંતુ અનામત હોવુ એ જરૂરી નથી. અનામત સિવાય પણ આ દેશમાં ઘણું બધુ કરી શકાય છે. ગુજરાતના દરેક લોકોએ કહેવું જોઈએ કે, હું ગુજરાત માટે શું કરીશ. તેમણે એમ પણ જણાવ્યું કે, પાંચ દિવસ દરમ્યાન ગુજરાતની જનતાની માંગણી અને લાગણી જાણ્યા બાદ કોંગ્રેસ પક્ષનો મેનીફેસ્ટો તૈયાર થશે.

## દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. આઈટીના અધિકારીઓએ શશીકલાના ભત્રીજા વિવેક જયરામનના નિવાસસ્થાને પણ તપાસ કરી હતી. જયરામન હાલમાં જયા ટીવી અને જાજ સિને ટીવીની જવાબદારી સંભાળે છે. ઈન્કમ ટેક્સના અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ છે કે કેટલીક નક્કર માહિતી પહેલા મેળવી લેવામાં આવી હતી. કુલ ૧૮૭ સ્થળો પર ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટની ટીમ દરોડા પાડતા તમિળનાડુની રાજનિતીમાં ભારે ચકચાર મચી ગઈ હતી. તપાસના ભાગરૂપે શેલ કંપનીઓ અને શંકાસ્પદ રોકાણ સામેલ છે. શશીકલા હાલમાં જેલમાં છે. ઈન્કમ ટેક્સ વિભાગના અધિકારીઓની ટીમ સવારે છ વાગેથી જ ઈક્કટથુથંગલ સ્થિત ટીવી ચેનલની ઓફિસમાં પહોંચી ગઈ હતી. ત્યારબાદ દસ્તાવેજમાં ઉંડી તપાસ કરવામાં આવી હતી. ડિપોર્ટમેન્ટના અધિકારઓએ માહિત આપતા કહ્યુ હતુ કે ટેક્સ છુપાવવા માટેની બાતમી મળ્યા બાદ આ તપાસ કામગીરી હાથ ધરવામાં આવી હત. તેમણે કહ્યુ હતુ કે ટેક્સ છુપાવવા માટેની માહિતીના અહેવાલને અમે સમર્થન આપ રહ્યા છીએ. ટીવી ચેનલ અને તેના વરિષ્ઠ અધિકારીઓની ગતિવિધી પર નજર રાખી રહ્યા છીએ.